# ... નદીના કોતરોમાં લઈ જઈ સગીરાના ગળા પર કટરના ઘા માર્યા

ગાંધીનગર,તા.૧૮

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સુરત ખાતે જાહેરમાં યુવતિની હત્યા થઈ છે. આ હત્યા તેના પ્રેમી દ્વારા કરવામાં આવી છે. ત્યારે આ ઘટનાના સમગ્ર રાજયમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. આ બનાવની હજુ સાહી સુકાઈ નથી, ત્યાં રાજયના પાટનગર ગાંધીનગરમાં એક યુવકે સગીરા પર કટર વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લાના અમરાપુર ગામમાંથી પસાર થતી સાબરમતિ નદીના કોતરોમાં યુવકે બળજબરી કરીને સગીરાના ગળા પર આડેધડ કટરના ઘા ઝીંકી દેતા તે ગંભીર હાલતમાં ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાઈ છે. ત્યારે બનાવની જાણ પોલીસના ઉચ્ચ અધિકારીઓને થતા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ સગીરા પરીક્ષા આપીને શાળામાંથી બહાર આવી હતી.તે સમયે એક યુવક તેની પાસે આવીને તારા કાકા તેને બોલાવે છે. એટલે સગીરા તેના બાઈક પર બેસી ગઈ હતી. ત્યારે યુવક તેને અમરાપુર નદીના કોતરમાં લઈ ગયો હતો. જયાં સામાન્ય વાતચીત કર્યા બાદ તે સગીરા સાથે બળજબરી કરવા જતા બોલાચાલી થતા તે યુવક ઉશ્કેરાઈ ગયો હતો. જેથી તેને કટર સગીરાના ગળાના ભાગે આડેધડ ઘા ઝીંકી દેતા સગીરા ફસડાઈ પડી હતી. તેમ છતા સગીરાએ તેના કાકાને ફોન કરતા કાકા કોતરમાં દોડી આવ્યા હતા.જયારે બનાવ અંગે ૧૦૮ ને કોલ કરતા તે આવી પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાતા તેની સઘન સારવાર શરુ કરાઈ છે.જયારે બનાવની જાણ થતા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જયારે પોલીસે યુવકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.



માર્ચ મહિનો આવે એટલે ગ્રાન્ટ પૂરી કરવાની હોડ જાણે રીતસર સરકારી વિભાગો વચ્ચે લાગે. રસ્તા હોય ત્યાં નવા રસ્તા બને, નવુ રંગરોગાન કરવામાં આવે અને રીનોવેશનના નામે લાખો-કરોડોનો ખર્ચ કરી જેમ તેમ કરીને ગ્રાન્ટ પૂરી કરવામાં આવે. આજકાલ ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના માર્ગ પર જુની ગ્રીલ કાડીને નવી ગ્રીલ લગાવવામાં આવી રહી છે. જુની ગ્રીલ જરાય બગડી ન હોવા છતાં નવી લગાવવાની કામગીરી ગ્રાન્ટ વાપરવા માટે જ લગાવવામાં આવી રહી હોય તેવુ સ્પષ્ટપણે લાગી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. આર્ય, સચિવ હારિત શુક્લા, ટુરીઝમના ઉચ્ચ અધિકારીઓની ટીમે આજે ''પ્રસાદ'' યોજનામાં રૂપાલનો સમાવેશ થતાં આજે વરદાયિની માતાના મંદિરની મુલાકાતે ગયા હતા.
- જિલ્લા વહીવટીતંત્ર આજે મિટીંગોમાં વ્યસ્ત રહેશે. સવારે ૧૧ વાગ્યાથી શરૂ થતી બેઠકોનો દોર બપોર સુધી ચાલશે. જિલ્લા સંકલન, ગરીબ કલ્યાણ મેળો, ઈ.સેવા સોસાયટી, કાયદો-વ્યવસ્થા, નાગરિક-પુરવઠા સલાહકાર સમિતિની બેઠકો યોજાશે.
- મુખ્યમંત્રી આજે દિલ્હીના પ્રવાસે હોવાથી તેમની કચેરીના અધિકારીઓએ વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે બેઠકો કરી તંત્રને વધુ ગતિશીલ કેવી રીતે બનાવી શકાય તે માટે સૂચનાઓ આપી હતી.
- અધિક નિયામક આરોગ્યએ ન્ટુટ્રીશયનને લઈ રાજયના જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.
- ઉનાળાની ગરમીનું ધીમી ગતિએ આગમન શરૂ થતાં જ બજારમાં ગરમીથી બચવા માટેની વસ્તુઓ પણ આવી રહી છે.
- ગાંધીનગર મનપાની આજે મળનારી સામાન્ય સભાને લઈ તંત્ર દ્વારા તેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.
- સે. ૨૨ માં આજે ગટરલાઈન લિકેજ થતાં પંચદેવ મંદિર પાસેથી પસાર થતાં લોકોએ ભારે પરેશાની અનુભવી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર દરમ્યાન ૨.૫૦ લાખ લોકોના ટેસ્ટ માટે નમૂના લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૧૦ ના પ્રમુખ અને સોશ્યલ મિડિયા સ્ટેટ કમિટીના સભ્ય કરણસિંહ પરમારે જયરાજસિંહના પગલે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ પાર્ટીવાળા અમારા કટ્ટર વિરોધી છે... છતાં વિશ્વાસપૂર્વક કહું છું કે અગામી ચૂંટણી પહેલા એ અમારા પક્ષમાં જ જોવા મળશે...!

# ત્રણ દેશી તમંચા અને ૧૫ કારતુસ સાથે બે શખ્સો ઝડપાયા

### ચંદ્રાલા પાસે ઉદેપુર-ગોંડલ બસમાંથી વાહન ચેકીંગ દરમિયાન મુસાફરના થેલામાંથી તમંચા અને કારતુસ મળ્યા

ગાંધીનગર, તા.૧૮

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર પોલીસને વાહન ચેકીંગ દરમિયાન ઉદયપુર-અમદાવાદ-ગોંડલ બસમાંથી બે મુસાફરોના થેલામાંથી ત્રણ દેશી તમંચા, જીવતા કારતુસ નંગ-૧૫, મોબાઈલ ફોન નંગ-૨, તેમજ રોકડા રૂ.૪ હજાર મળી કુલ રૂ.૨૮ હજારથી વધુનો મુદ્દામાલ સાથે બેશખ્સોને પકડી પાડી ચિલોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. ત્યારે સવારના ૧૧ વાગ્યાના અરસામાં હિંમતનગર તરફથી આવી રહેલી ગુજરાત એસટીની ઉદયપુર-અમદાવાદ-ગોંડલ રૂટની બસ નં. જી.જે.૧૮.ઝેડ.૭૦૦૯ ને ચેકીંગ માટે રોકાવી હતી. ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાન ચેક કતા હતા. તે સમયે સીટ નં.૫૦ અને ૫૧ નંબર પર બેઠેલા મુસાફરોના થેલા ચેક કરવા માટે ખોલવાનું જણાવતા તેઓ આનાકાની કરી રહ્યા હતા. જેથી પોલીસને શક જતા બંને ઈસમોના અલગ અલગ થેલામાંથી દેશી તમંચા ત્રણ મળી આવ્યા હતા. પોલીસે યુવકો પાસે હથીયાર અંગે લાયસન્સ કે પરવાનો નહી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે નામ પુછતા આસીબ અખતરઅબ્દુલ મજીદ ફકીર (અલબી)(ઉં.૨૮ રહે.૩૭૬ હાજીપુર ભટૌલ મુડાખેરા તા.જી.બુલંદશહેર યુપી) અને નવાબ મોહમદ સઈદ અબ્દુલ કરીમ ધોબી (ઉં.૨૬, રહે ખવેસજ્ઞાન ખુર્જાનગર યુપી) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે તપાસ કરતા અમદાવાદ ફતેહવાડીના બાબુભાઈ શેખે તમંચા મંગાવ્યા હોવાનું તેમજ મકસુદ ઉર્ફે ચન્ની અમદાવાદ ખાતે લેવા આવવાનો હોવાનું જણાવ્યુ હતુ. જયારે પોલીસે આ બે શખ્સો પાસેથી દેશી તમંચા, કારતુસ, મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ.૨૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે આર્મસ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ડભોડાથી લવારપુર માર્ગ વચાળે ભુડ આવતા બાઈકચાલકનુ મૃત્યુ

ગાંધીનગર,તા.૧૮

ડભોડા થી લવારપુર સાંજના સમયે બાઈક લઈને જતા માર્ગ વચાળે ભુંડ આવતા બાઈક ચાલક નીચે પટકાયા હતા. ડભોડા ફુલાજી વાળા વાસ પાસે ભુંડ વચ્ચે આવતા બાઈક ચાલકે કાબુ ગુમાવી નીચે પડી જતા શરીરે- માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મૃત્યું નિપજયું છે.

કાંતિલાલ શનાલાલ જાદવ કોન્ટ્રાકટર તરીકે વ્યવસાય સાથે સંકળાયેલા છે. જયારે ગત તા.૧૩ ફેબ્રુઆરીના રોજ ફરીયાદી જમીને સાંજે ઘરે ભેઠા હતા. તે સમયે ભત્રીજા જયંતભાઈ જાવદવ ફોન આવ્યો હતો, કે મારા પિતાજી ગણપતભાઈ બાઈક લઈને ડભોડા થી સાંજના ૬ વાગ્યાના અરસામાં ડભોડા આવી રહ્યા હતા તે સમયે ડભોડા ફુલજીવાળા વાસ સામે માર્ગ વચાળે ભુંડ આવી જતા તેઓ નીચે પડી ગયા હતા. જેથી ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા.જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું થયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઘરેથી દેવદર્શન નીકળેલા વૃધ્ધનુ કારની ટક્કરે મૃત્યુ

ગાંધીનગર, તા.૧૮

ઘરે થી દેવ દર્શને નીકળેલા વૃધ્ધ રોડ ક્રોસ કરવા જતા અજાણી કારની અડફેટે આવી જતા ગંભીર ઈજાને પગલે વૃધ્ધનું મૃત્યું થયુ હતું. ખ-૧ થી ખ-૦ ની વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વૃધ્ધને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાતા ફરજ પરના તબિબે તપાસ કરી વૃધ્ધને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત શહેરમાં માર્ગ અકસમાતની સંખ્યામાં વધારો થયો છે. તાજેતરમાં ઘ માર્ગ પર ૬-૭ ના કટ પાસે બાઈકની અડફેટે નીચે પડી જતા તેના પરથી કાર પસાર થતા યુવકનું મૃત્યુ થયું હતું. ત્યારે મળતી વિગત મુજબ મિતુલ અમૃતલાલ પ્રજાપતિ ગાંધીનગર ખ માર્ગ પર આવેલા શ્રી રંગ આઈકોનમાં એ-૩૦૨ ખાતે પરિવાર સાથે રહે છે. જયારે મિતુલ પ્રજાપતિ તલોદ ખાતે સીડી પટેલ હાઈસ્કુલ ખાતે ફરજ બજાવે છે. ત્યારે સવારના સમયે મિતુલના પિતા અમૃતલાલ અને માતા દેવદર્શન કરવા માટે ઘરેથી નીકળ્યા હતા. ત્યારે સાડા આઠ વાગ્યાના અરસામાં અચાનક ખ માર્ગ પર ખ-૧ થી ખ-૦ તરફ વૃધ્ધ ચાલીને જઈ રહ્યા હતા. ત્યારે ખ માર્ગ ઓળંગતી વખતે પુર ઝડપે અને ગફલતભરી રીતે ગાડી હંકારી વૃધ્ધને અડફેટે લીધા હતા. જેમાં વૃધ્ધ રોડ પર પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે તાત્કાલીક સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા. ગાંધીનગર હોસ્પિટલ ખાતે ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ ગયા હતા. જયાં ઈજાગ્રસ્તને ડોકટરે તપાસ કરી મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકના દિકરાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના ચિલોડા આંગણવાડીના ભુલકાંઓને ઉત્સાહ સાથે આવકાર

સતત કોરોનાના કેસોમાં ઘટાડો થતાં સરકાર દ્વારા પ્રતિબંધો ધીમે ધીમે ઘટાડવામાં આવી રહ્યા છે. ત્યારે રાજયમાં બે વર્ષ બાદ આંગણવાડી અને પ્રી સ્કૂલનો ઓફલાઈન શિક્ષણ કરવાનો નિર્ણય કરતાં નાના ભુલકાંઓએ ‘હમ ચલે સ્કૂલ મેં’ સાથે ચિલોડા ગામની આંગણવાડી-૧ ના નાના ભુલકાંઓએ વાલીઓ સાથે આંગણવાડીમાં પ્રવેશ કર્યોહતો. ત્યારે બાળકોમાં અનેરો આનંદ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આ સાથે સમુહમાં હળવો નાસ્તો માણવાનો લ્હાવો લીધો હતો. ક્યારેક કેટલાક બાળકો સૌ પ્રથમ સ્કૂલે આવવાનું ન ગમતાં રડી રહ્યા હતા.



આ સાથે તા. ૨૧-૨-૨૦૨૨ સોમવારથી શિક્ષણ વિભાગ હસ્તકની તમામ શાળા-કોલેજો સંપૂર્ણ પણે ઓફલાઈન શરૂ કરવાની સરકારશ્રીનો મહત્વનો નિર્ણય આવકારદાયક બન્યો છે. વાલીઓ પોતાના બાળકને શાળાએ મોકલવા માટે ખાનગી વાહનોના માલિકોને સંપર્ક સાધવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે હવે માત્ર દોઢ માસના ટૂંકા સમય માટે બાળકોને નવા ડ્રેસ અને પુસ્તકો કે અન્ય સામગ્રી અંગે વાલીઓમાં અનેક તર્કવિતર્કો સાથે ચિંતા જન્માવી છે. આમ છતાં શાળાએ જવા બાળકોમાં વધુ ઉત્સાહ દર્શાવી રહ્યા છે.

## એસ.એસ.વી. શાળામાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો

એસ.એસ.વી શાળામાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિવિધ વિષય શિક્ષક તેમજ શાળાના આચાર્ય છાયાબેન ભટ્ટ દ્વારા પેપરના જવાબ કેવી રીતે લખવા, કેવી રીતે વધારે માર્ક લાવી શકાય તેમજ કોઇ પણ જાતની ચિંતા કર્યા વગર પેપર નિશ્ચીત સમયમાં કેવી રીતે પૂર્ણ કરી શકાય તે વિષેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને અંતમાં વિદ્યાર્થીઓને પરીક્ષા માટે શુભેચ્છા પાઠવી હતી.

# વાવોલની યુવતિને સાસરીયાઓ દહેજ માટે ત્રાસ આપતા ફરીયાદ

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામની યુવતિને તેના પતિ અને સાસરીયાએ દહેજ માટે શારીરીક તેમજ માનસીક ત્રાસ આપતા તેણીને માઈગ્રેનનો એટેક આવતા ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરાઈ છે. જયારે પતિએ પણ યુવતિને ઢોરમાર મારીને રૂ.૧૦ લાખની માંગ કરીને સાળાનેપણ જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

વાવોલ ગામની યુવતિના લગ્ન વર્ષ ૨૦૧૬ માં સમાજના રીત રિવાજ મુજબ પાટણના હાશપુરા ગામે રહેતા નિરવ સોલંકી સાથે થયા હતા.લગ્ન પછી પરિણિતા સાસરીમાં લગ્નજીવવના હકકો ભોગવવા માટે ગઈ હતી. પરંતુ થોડા સમયમાં જ પતિ અને સાસુ સવિતાબેન, સસરા મહેન્દ્રભાઈ, નણંદ પાયલ અને હિમાની અને તેમના પતિ બિપિન તેમજ રજનીકાંત તેણીને દહેજ માટે મેહણાટોણા મારતા હતા. ત્યારબાદ દંપતિ ચાંદખેડા રહેવા માટે આવી ગયા હતા. પરંતુ પતિ દ્વારા શારીરીક માનસિક ત્રાસ યથાવત રહેવા પામ્યો હતો. પતિના અન્ય સ્ત્રી સાથે આડા સંબંધની જાણ થતા દંપતિ વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. જેથી નિરવે તેની પત્નીને ગડદા પાટુ તેમજ પટ્ટા વડે માર મારી પિયરમાંથી રૂ.૧૦ લાખ દહેજ પેટે લઈ આવવા માટે કહ્યું હતું. જયારે કોઈને પણ માર માર્યાની વાત કરીશ તો તારા ભાઈને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ઘટનાથી ગભરાઈ ગયેલી પરિણિતા રાત્રીના સમયે અચાનક તબિયત લથડતા તેણીને ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાઈ હતી. બનાવ અંગે યુવતિના ભાઈએ ફરીયાદ આપતા સેકટર-૭ પોલીસે પતિ સહિત ૭ સાસરીપક્ષના સભ્યો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


## જાહેર ચેતવણી

આથી અમારા અસીલશ્રી (૧) વિમળાબેન તે નવીનભાઈ પ્રહલાદભાઈ પટેલની પત્ની (૨) રિધ્ધી નવીનભાઈ પટેલ (૩) આકાશ નવીનભાઈ પટેલ રહે. બી/૧૨૦, આકૃતિ સોસાયટી, અજય ટેનામેન્ટ, વિભાગ-૫, વસ્ત્રાલ રોડ, મહાદેવનગર અમદાવાદ નાઓની સુચના અને ફરમાઈશ અન્વયે જાહેર જનતા તથા લાગતા વળગતાઓને આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે,

મોજે ગામ યશવંતપુરા, તા. કડી, જી. મહેસાણાની સીમમાં આવેલ નવા બ્લોક/ સર્વે નં. ૯૯, ખાતા નં. ૨૯૪, ક્ષેત્રફળ ૦-૨૪-૮૧, હે.આરે.ચોમી. તથા બ્લોક સર્વે નં. ૮૬, ખાતા નં. ૧૬૦, ક્ષેત્રફળ ૦-૮-૧૪, હે.આર.ચોમી. તથા બ્લોક સર્વે નં. ૮૨, ખાતા નં. ૧૬૦, ક્ષેત્રફળ ૨-૩૦-૨૨, હે.આરે.ચોમી.વાળી જુની શરતની ખેતીની જમીનો તથા મોજે ચેખલા તા. સાણંદ, જી. અમદાવાદ ખાતે આવેલ બ્લોક સર્વે નં. ૯૧૫/૪, ખાતા નં. ૨૪૨૦, ક્ષેત્રફળ ૧-૯૫-૯૩, હે.આર. ચોમી., બ્લોક સર્વે નં. ૯૨૦ પૈકી, ખાતા નં. ૩૧૫, ક્ષેત્રફળ ૧-૪૫-૬૯, હે.આરે.ચોમી., બ્લોક સર્વે નં. ૮૯૦, ખાતા નં. ૩૩૪, ક્ષેત્રફળ ૨-૭૦-૯૭, હે.આરે.ચોમી., બ્લોક સર્વે નં. ૮૯૦, ખાતા નં. ૨૪૯૫, ક્ષેત્રફળ ૧-૭૧-૯૯, હે.આરે.ચોમી., બ્લોક સર્વે નં. ૯૧૫/૨, ૨૪૯૫, ક્ષેત્રફળ ૦-૯૭-૯૭, હે.આરે.ચોમી. વાળી જુની શરતની જમીનોમાં અમારા અસીલ નં. ૧ નો પુત્રવધુ તરીકેના ભરણ પોષણના હક્ક તથા અસીલ નં. ૨ અને ૩ નો વારસાઈ હક્ક સમાયેલ હોઈ અને તે મેળવવા માટે કાનુની કાર્યવાહી શરૂ કરેલ હોઈ ઉપરોક્ત મિલકતો બાબતે કોઈએ કોઈપણ પ્રકારના તબદીલ વ્યવહારો કરવા કરાવવા નહિ કે કોઈપણ પ્રકારના નાણાકીય વ્યવહારો કરવા, કરાવવા નહી અન્યથા તે અંગે અમારા અસીલોની કોઈ જ જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાએ અને લાગતા વળગતા ઈસમોએ ગંભીર નોંધ લેવી.

અસીલોની સૂચના અને ફરમાઈશ અન્વયે
અસીલની સહી પટેલ વિમળાબેન નવિનભાઈ
અસીલની સહી/- ...
અસીલની સહી/- ...
તારીખ ૧૭-૨-૨૦૨૨
સ્થળ : ગાંધીનગર

અમારા મારફતે
(કેતન એન. વ્યાસ)
એડવોકેટ
પ્લોટ નં. ૨૦૭/૨, સે. ૧૪,
ગાંધીનગર



## Notice to Opponent No.2 be served by way of Substitute Service

U/O. 5 R. 20 of CPC.

N/15/2022

IN THE COURT OF THE HON'BLE MEMBER MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, DAMAN

M.A.C.P. No. 06/2018

Rahulkumar Ganeshprasad Soni ....... Applicant.
V/s
Laxminarayan Kantilalji and 2 ors...... Opponents.

**NOTICE**

To,
2. Babubhai Ganesh Chaudhary
R/o. At & Post Solaiya, Tal : Mansa,
Dist — Gandhinagar,
Randheja — 382620. Gujarat.

WHEREAS an application U/s. 166 of M.V.Act, 1988 is filed by the Applicants for the compensation.

Therefore, you are hereby directed to appear in the Court in person or by a pleader duly instructed and able to answer all material question relating to the application / appeal, or who shall accompanied by some person able to answer all such a question on the day of 11° March, 2022 at 10.30 a.m. at Motor Accident Claims Tribunal, DAMAN and to show the cause.

Take notice that in default of, your appearance and failure to show the cause on the day before mentioned the application will be heard and determined in your absence.

GIVEN UNDER my hand. and the seal of the Court, this 25" January, 2022.

seal of the Court

By Order
Sd/-
Superitendent
District Court, Daman



## જાહેરાત

શ્રી ઉત્તર -પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ સંચાલિત શ્રી નાનાલાલ રણછોડદાસ રાવલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા પિલવાઈ, તા. વિજાપુર, તા. મહેસાણા ખાતે રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રક્માંક રોતાનિ/જીઆઈએ/ઘ-૨/જગ્યામંજુરી/૨૦૨૧/૫૯૧૫ તારીખ : ૨૮-૧૨-૨૦૨૧થી અત્રેની સંસ્થાને મંજુર કરવામાં આવેલ નીચે દર્શાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા લાયક ઉમેદવારો પાસેતી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાનો પ્રકાર | જગ્યાની કેટેગરી | જગ્યાનું પગારધોરણ/ ફિક્સ પગાર | જગ્યાની લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર | ૦૧ | શૈક્ષણિક | બિન અનામત | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૮૦૦ ફિક્સ પગાર ૩૧૩૪૦/- | **શૈક્ષણિક લાયકાત :** માન્ય સંસ્થાનો સિવિલ અથવા મીકેનીકલ અથવા ઈલેકટ્રીકલ અથવા ઓટોમોબાઈલ અથવા ઈલેક્ટ્રોનિક ડીગ્રી / ડીપ્લોમાં ઈન એન્જીનીયરીંગ અથવા વિજ્ઞાન અને ગણિત વિષય સાથે એસ.એસ.સી.ઈ. પાસ તેની સમકક્ષ અને એન.સી.વી.ટી પેટર્નનો સર્ટીફિકેટ અભ્યાસક્રમ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયેલા હોવા જોઈએ. **અનુભવ :** શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી સંબંધિત વ્યવસાયને લગતો પ્રેક્ટીકલ અને / અથવા શૈક્ષણિક અનુભવ. ડીગ્રી હોલ્ડર માટે એક વર્ષનો, ડીપ્લોમા હોલ્ડર માટે બે વર્ષનો અને સર્ટીફિકેટ હોલ્ડર માટે પાંચ વર્ષનો હોવો જોઈએ. હિન્દી તેમજ ગુજરાતી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. |
| ૨ | ક્રાફટ ઈન્સ્ટ્રક્ટર ડ્રાફટમેન | ૦૧ | શૈક્ષણિક | બિન અનામત | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૮૦૦ ફિક્સ પગાર ૩૧૩૪૦/- | “**Academie Quilifieation** : 10th class pass or its equivalent, and ‘**Technical Qualification:** Degree Civil Engg, /Architectural Engg. with one year post qualification experience respectively **OR** Diploma in Civil Engg, / Architectural Engg, with two years post qualification experience respectively **OR** NTC in the same or retevant trade with four years post qualification experience and National Craft Instructor Certificate (CITS). OR NAC in the same relevant trade with three years post qualification experience and National Craft instructor Certificate (CITS). **OR Experience:-** Five years experience in relevant work experience and academic experience હિન્દી તેમજ ગુજરાતી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. |

**સૂચનાઓ :**

(૧) લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની શૈક્ષણિક / ટેકનીકલ લાયકાત, અનુભવ અને જાતિના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સહિતની અરજી ‘મંત્રીશ્રી, ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ, તા. વિજાપુર, જી. મહેસાણાન પીન-૩૮૪૫૫૦’ને રજીસ્ટર પોસ્ટ એડીથી જ મોકલવાની રહેશે.
(૨) ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજદાર ઈચ્છે તો જગ્યાના નામ દીઠ અલગ-અલગ અરજી કરવાની રહેશે. અરજીના કવર ઉપર ‘જગ્યાનું નામ’ અવશ્ય દર્શાવવાનું રહેશે.
(૩) અરજીપત્રકો જાહેરાત પ્રસિદ્ધ થયાથી ચાલુ કામકાજના દસ દિવસ સુધીમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ આવેલ અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં.
(૪) સદરહુ જગ્યાઓ શ્રમ અને રોજગાર ગાંધીનગર વિભાગના તારીખ : ૨૧/૯/૧૯૮૯ના ઠરાવ ક્રમાંક જીઆઈએ/૧૦૮૯૧૦૪/૨ (૨)થી નિયત થયેલ પસંદગી સમિતિ દ્વારા ભરવામાં આળશે.
(૫) આ જગ્યાઓ પર નિમાનાર કર્મચારીઓને ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ-૧૯૮૪ના ધોરણો/નિયમો બંધનકર્તા રહેશે.
(૬) ગ્રાન્ટ-ઈન-એઈડ કોડની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈ વડી કચેરીનાં તારીખ : ૨૮/૩/૧૯૮૫ના પરિપત્ર ક્રમાંક જીઆઈએ/૦૬/ઘ/૧૬૭૦ મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યા સરકારશ્રીના નાણા વિભાગના તારીખ : ૧૬/૨/૨૦૦૬ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખતનાં સુધારાઓ ધ્યાને લઈ ફિક્સ પગારથી ભરવાની રહેશે.
(૭) મંડળ દ્વારા અગાઉ આપવામાં આવેલ જાહેરાતને આધારે અરજી કરનાર ઉમેદવારની અરજી પણ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેણે ફરી અરજી કરવાની જરૂર નથી.
(૮) આ જગ્યાઓની ભરતી અંગેની વિસ્તૃત વિગતો રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in તથા ગ્રાન્ટ-ઈન-એઈડ આઈ.ટી.આઈ. પીલવાઈની વેબસાઈટ www.itipilvai.org પરથી મળી શકશે.

મંત્રીશ્રી
ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ
તા. વિજાપુર, જી. મહેસાણા, પીન-૩૮૪૫૫૦

ક્રમાંકઃનામાનિ/મહે/૪૩૬/૨૦૨૧/૨૨